| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૩/૧૨/૨૦૨૩ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૪૭ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ આને ૪૪૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૩,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૦૦૪/૨૦૨૩

**શાહપુરઃ** સંગીનીબહેન ડો/ઓ હિતેનભાઇ શાહ (ઉ.વ.૩૮) (રહે. ધ્વનિ એપાર્ટમેન્ટ) એ તા.૧૨/૧૨/૨૦૨૩ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૬/૨૦૨૩ થી તા.૩૦/૦૭/૨૦૨૩ સુધીના સમાયગાળા દરમ્યાન આઇ.ડી.એફ.સી ફસ્ટ બેંક, રત્નાકર બેંક લીમીટેડ તથા આઇ.સી.આઇ.સી.આઇ બેન્કના અલગ-અલગ ખાતા ધારકો એ સંગીનીબહેન શાહના ખાતામાંથી રૂપિયા ૪,૨૨,૬૨૫/- ટ્રાન્સફર કરી મેળવી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.સી.દેસાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યું:-** **સમાચાર યાદી નં.૨૦૦૫/૨૦૨૩**

**"એચ" ટ્રાફિક પોલીસ સ્ટેશનઃ** હિરાભાઇ ઓખાભાઇ પટણી (ઉ.વ.૫૫) (રહે. શિવશક્તિનગર મંગલપાંડે હોલ પાસે પુષ્પક બંગ્લોઝની બાજુમાં પંચવટી નિકોલ) તા.૧૧/૧૨/૨૦૨૩ રાતના ૮/30 વાગ્યાના સુમારે બાપુનગર રાધારમણ કો.ઓ.હા.સો.લી.ના ગેટ સામે અનિલ સ્ટાર્ચ મિલ નજીક્થી પસાર થઈ રહ્યા હતા ત્યારે આયસર ગાડી નંબર જીજે ૦૭ ટીટી ૫૮૭૮ ના ચાલકે આયસર ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટકકર મારતા હિરાભાઇ પટણીને ગંભીર ઇજાઓ થતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યું નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર હિરાભાઇ પટણીના પુત્ર વિશાલભાઇ પટણી એ "એચ" ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.વાય.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૬/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** રાકેશ પ્રવિણચંદ્ર મોદી (ઉ.વ.૪૮) (રહે. ઉભો કાંચો નાગજી ભુદરની પોળ માણવીની પોળ માણેક ચોક ખાડિયા) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૨૦૨૩ સાંજના ૬/૧૫ વાગ્યા પહેલા હરિહરાનંદ આશ્રમ પાછળ એલિસબ્રિજ પુલ પાસે ઘાટ નંબર-૮ પાસે વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ માધવસિંહ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રામપ્રકાશ મહાદેવપ્રસાદ રાઠોડ (ઉ.વ.૬૦) (રહે. સરસ્વતીનગર રચના સ્કુલ પાસે સૈજપુર બોઘા) એ અગમ્ય કારણસર એ તા.૧૧/૧૨/૨૦૨૩ રાતના ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનભાઈ રામજીભાઈ ચલાવે છે.

**નરોડાઃ** અનુજ અશોકકુમાર ઝા (ઉ.વ.૨૧) (રહે. મહાદેવ રેસિડેન્સી બાલાજી એન્કલેવ સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૨/૨૦૨૩ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે નરોડા દહેગામ રોડ ખાતે આવેલ સ્ટાર પેરેડાઇઝ ફ્લેટના “બી” બ્લોકના તેરમા માળે સીડીના પેસેજમાંથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી